# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નવી દિલ્હીમાં સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ ગી પાહમલા સાથે દ્વિપક્ષીય ચર્ચા
2. નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત-યુરોપના મુક્ત વેપાર સોદાને વૈશ્વિક જીડીપીના એક ચતુર્થાંશ ભાગને આવરી લેનારો ગણાવ્યો
3. ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીએ સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે સરદાર સરોવર યોજનાની પ્રસંશા કરી
4. સતત આઠ દિવસના કડાકા બાદ શેરબજારમાં આજે ઉછાળો
5. ભારતે 2026 માં આઈચી-નાગોયામાં યોજાયેલી એશિયન ગેમ્સમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ સહિત 85 મેડલ સાથે પોતાનું અભિયાન પૂર્ણ કર્યું

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો..

# REV. DAY - NEW SWISS PREZ ARRIVAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ ગી પાહમલા સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી રહ્યા છે. આ દરમિયાન તેઓ વેપાર અને રોકાણ , વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા , ગતિશીલતા, સંસ્કૃતિ અને લોકો-થી-લોકોના સંપર્ક સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા કરશે. નેતાઓ બહુપક્ષીય મંચોમાં સહયોગ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ ગી પાહમલા આજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી અજય ટમ્ટાએ વિમાનમથક પર તેમનું સ્વાગત કર્યું હતું. તેમની સાથે વરિષ્ઠ અધિકારીઓ અને વ્યાપારી નેતાઓ સહિત એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વિસ રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું. તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પત્રકારો સાથે વાત કરતા શ્રી ગી પાહમલાએ કહ્યું કે આ મુલાકાત ભાગીદારીના મહત્વને ઉજાગર કરવાની એક ઉત્તમ તક છે.

(BYTE - SWITZERLAND PRESIDENT GUY)

# FM- INDIA EU DEAL

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર સોદાની પ્રશંસા કરતા કહ્યું કે તે વાટાઘાટો અને વેપાર કરારો પૂર્ણ કરવા માટેના ભારતનો અભિગમ બતાવે છે. આજે નવી દિલ્હીમાં મ્યુનિક નેતાઓની બેઠકમાં બોલતા સુશ્રી સીતારમણે કહ્યું કે આ સોદો વૈશ્વિક GDPના લગભગ એક ચતુર્થાંશનું પ્રતિનિધિત્વ કરતી અર્થવ્યવસ્થાઓને આવરી લે છે.

નાણામંત્રીએ કહ્યું હતું કે આ કરાર સ્પર્ધાત્મકતા સાથે સમાધાન ન થાય સુનિશ્ચિત કરવાની સાથે ખાતરી કરતી વખતે પૂરક બજારોને પહોંચ પ્રદાન કરે છે. તેમણે ઉમેર્યું કે ભારતે કરાર હેઠળ તેની 92.5% ટેરિફ લાઇન ખોલી છે , જે વેપાર મૂલ્યના આશરે 97% છે.

# INDIA-US DEAL SITHARAMAN

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ભારત- અમેરિકા વેપાર કરાર પર વાટાઘાટો હજુ પણ ચાલી રહી છે અને હજુ સુધી તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આજે નવી દિલ્હીમાં જર્મન નેતાઓ સાથેની મુલાકાતમાં સીતારમણે જણાવ્યું હતું કે બંને પક્ષો એવા તબક્કે પહોંચી ગયા છે જ્યાં વાટાઘાટો અટકી ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે વિચારણા હેઠળનો કરાર મુશ્કેલ અને તીવ્ર વાટાઘાટો પછી થયો હતો.

(BYTE-NIRMALA SITHARAMAN)

# NARMADA NITIN GADKARI

માર્ગ અને પરિવહન મંત્રાલયની ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહેવા માટે ગુજરાતના એકતાનગર ખાતે પહોંચેલા માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. સાથે જ તેમણે રાષ્ટ્રીય ગૌરવ અને વિકાસના પ્રતીક તરીકે સ્મારક અને સરદાર સરોવર પરિયોજનાની પ્રશંસા કરી હતી.

(BYTE: NITIN GADKARI, MINISTER OF ROAD TRANSPORT & HIGHWAYS)

# RAJNATH-DURGAWATI

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે રાણી દુર્ગાવતીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે કહ્યું કે રાણી દુર્ગાવતીએ તેમના લોકોના કલ્યાણ અને રાજ્યની સમૃદ્ધિને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી.રાણી દુર્ગાવતીનું શાસન જન કલ્યાણ , દૂરંદેશી અને સુશાસનની ભાવનાથી પ્રેરિત હતું. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે રાણી દુર્ગાવતીની હિંમત , બલિદાન અને આદર્શો આવનારી પેઢીઓને હંમેશા પ્રેરણા આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP - JEWAR AIRPORT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની યાત્રા "જન સેવા થી દેશ સેવા"ના મંત્ર દ્વારા અવિરત પ્રતિબદ્ધતાથી ચાલી રહી છે. અમારી ખાસ શ્રેણીમાં આજે આવો જાણીએ કે , નોઇડા આંતરરાષ્ટ્રીય હવાઈમથક ઉત્તર પ્રદેશ અને દેશના વિકાસ ચિત્રને કેવી રીતે આકાર આપી રહ્યું છે.**

## (CAPSULE – SANSKRUTI BHUNDIYA)

*નોઇડા આંતરરાષ્ટ્રીય હવાઈમથક દેશના સૌથી મોટા ગ્રીનફિલ્ડ હવાઈમથક પ્રોજેક્ટ્સમાંનું એક છે. જેનો પ્રથમ તબક્કો લોક ભાગીદારી હેઠળ આશરે 11 હજાર 200 કરોડ રૂપિયાના કુલ રોકાણ સાથે વિકસાવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 માર્ચ, 2026ના રોજ આ હવાઈમથકનું ઉદ્ઘાટન કર્યું હતું અને કહ્યું હતું કે , આ હવાઈમથક વિકસિત ઉત્તર પ્રદેશ અને વિકસિત ભારત માટેના અભિયાનમાં એક નવો અધ્યાય છે.*

*(BYTE- PM MODI)*

*નોઇડાના રહેવાસી મેહિત કુમારે જણાવ્યું કે , આ હવાઈમથક એક નવી ઓળખ બનાવશે અને યુવાનો માટે રોજગારની તકો પૂરી પાડશે.*

*(BYTE- MOHIT)*

*પ્રથમ તબક્કામાં હવાઈમથકની પેસેન્જર હેન્ડલિંગ ક્ષમતા દર વર્ષે 12 મિલિયન મુસાફરોની છે, જે ભવિષ્યમાં 70 મિલિયન સુધી વિસ્તૃત કરવાની યોજના છે. આ હવાઈમથક દેશના ઉડ્ડયન માળખાને મજબૂત બનાવવા અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય જોડાણ વધારવા તરફ એક મોટું પગલું છે.*

*સંસ્કૃતિ ભૂંડિયા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

# MARKET

ભારતીય શેરબજારમાં આજે સતત આઠ દિવસના કડાકા બાદ ઉછાળો જોવા મળ્યો હતો.. નવા સપ્તાહના પ્રારંભે શેરબજાર વધારા સાથે ખુલ્યુ હતું.. સવારે સેન્સેક્સમાં 380 અંક કરતાં વધુનો ઉછાળો રહ્યો હતો જ્યારે બપોર બાદ વધારો યથાવત રહ્યો હતો. છેલ્લાઅહેવાલ મળ્યા ત્યારે સેન્સેક્સ 100 અને નિફ્ટીમાં પચાસ અંકના વધારા સાથે કારોબાર થઇ રહ્યો હતો.

# ASIAN GAMES CONCLUSED

ભારતે 2026 માં આઈચી-નાગોયામાં યોજાયેલી એશિયન ગેમ્સમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ સહિત 85 મેડલ સાથે પોતાનું અભિયાન પૂર્ણ કર્યું, અને એકંદરે રેન્કિંગમાં ચોથું સ્થાન મેળવ્યું. ભારતના અભિયાને વિવિધ રમતોમાં શ્રેણીબદ્ધ સીમાચિહ્નરૂપ સિદ્ધિઓ હાંસલ કરી.

# US-STRIKE

અમેરિકાના સૈન્યએ જણાવ્યું છે કે તેણે કેરેબિયન સમુદ્રમાં ડ્રગ્સની દાણચોરીમાં સામેલ હોવાની શંકાસ્પદ બોટ પર હુમલો કર્યો હતો , જેમાં ચાર લોકો માર્યા ગયા હતા. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લેટિન અમેરિકામાં કથિત ડ્રગ્સની તસ્કરી કરનારાઓ સામે ઝુંબેશ યથાવત રાખીને ગઈકાલે આ હુમલો કરવામાં આવ્યો હતો. યુએસ સધર્ન કમાન્ડના જણાવ્યા અનુસાર, જહાજને દાણચોરીના માર્ગ પર નિશાન બનાવવામાં આવ્યું હતું. જોકે, સૈન્યએ એવા પુરાવા આપ્યા નથી કે બોટ ડ્રગ્સ લઈ જતી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં  70 કાર્યવાહીમાં યુએસ લશ્કરી બોટ પરના હુમલાઓમાં 235નાં મોત  થયા છે.

# BHOPAL-YOUTH CONCLAVE

મધ્યપ્રદેશમાં, મુખ્યમંત્રી યુવા સંમેલન-2026 6 ઓક્ટોબરના રોજ ભોપાલના લાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ આ કાર્યક્રમમાં 20 હજારથી વધુ યુવાનો સાથે સીધો સંવાદ કરશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોની પ્રતિભા , નવા વિચારો, કૌશલ્ય અને રોજગારની તકોને પ્રોત્સાહન આપવાનો રહેશે.

# BRAZIL POLL

બ્રાઝિલમાં, ફ્લેવિયો બોલ્સોનારોએ બ્રાઝિલના રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં વર્તમાન રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સામે જીત મેળવી છે, પરંતુ સંપૂર્ણ વિજય માટે જરૂરી 50 ટકાના આંકડો પાર કરવામાં નિષ્ફળ રહ્યા છે, જેના કારણે બીજો મત મુકાબલો શરૂ થયો.

98.81 ટકા મતોની ગણતરી સાથે , બોલ્સોનારોએ 47.24 ટકા મત મેળવ્યા , જ્યારે લુલાને 44.91 ટકા મત મળ્યા. બ્રાઝિલની રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રણાલી હેઠળ, ઉમેદવારે પ્રથમ રાઉન્ડમાં જીતવા માટે 50 ટકાથી વધુ મત મેળવવા જરૂરી છે.